Press Report Of Various Newspaper on

# Organ Donation Activities



## Cadaver Organ Donor Lallubhai V Mangukiya

# લેઉવા પટેલ સમાજના લલ્લુભાઈના અંગોએ બે જણાનાં જીવન ઉજાળ્યા



સુરત, તા. ૧૦

કતારગામ ખાતે ગત તા. ૮ મીના રોજ બાઈક સ્લીપ થતાં માથામાં ગંભીર ઈજા સાથે હોસ્પિટલમાં દાખલ થયેલા ચેકલીકના લલ્લુભાઈ વેલજીભાઈ માંગુકિયા (ઉ.વ. ૬૧) બ્રેઈન હેમરેજને કારણે બ્રેઈન-ડેડ જાહેર કરતા તેમના અંગોનું પરિવારે દાન કરી એક નવો ચીલો ચાતર્યો છે. લેઉવા પટેલ સમાજના લલ્લુભાઈના પત્ની ...બેન તેમજ પુત્ર સંજયભાઈ અને પુત્રી ...બેન અને ...ને ડોનેટ લાઈફના સભ્યોએ સમજાવતા તેઓ કિડનીના અંગ દાન માટે માની ગયા હતા. અંગે પરિવારે પણ તેમનું સ્વજન બ્રેઈનડેડ હોય અને મૃત્યુ નિશ્ચિત છે ત્યારે તેમના અંગોના દાનથી બીજાના જીવનમાં સુધારો થતો હોય તો કરવા માટે નિલેશ માંડલેવાલા સમક્ષ તૈયારી દર્શાવી હતી.

અમદાવાદની કિડની ઈન્સ્ટિટ્યૂટની ટીમે કરેલી સર્જરી બાદ લલ્લુભાઈની કિડની સુરતના પચ્ચીસ વર્ષીય ભૂમિ રાસપારીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી. જ્યારે લીવર ભાવનગર રહેવાસી ઈશ્વરભાઈ છગનભાઈ પટેલ (ઉ.વ. ૫૭)ને ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. ડોનેટ લાઈફના માંડલેવાલા સહિત મંત્રી રાકેશ જૈન, હેમંત દેસાઈ અને ગુણવંત જોખાણીના પ્રયાસથી અત્યાર સુધી શહેરમાં ૧૭૫ કિડની, ૨૩ લીવર, ત્રણ પેન્ક્રીઆસ, સાત હૃદય અને ૧૫૨ ચક્ષુઓના દાન મેળવીને ૪૦૦ વ્યક્તિઓને નવજીવન બક્ષ્યું છે.

# બ્રેનડેડ લલ્લુભાઈ માંગુકીયાની બંને કિડની તેમજ લીવરનું દાન કરાયું

## મૃત્યુ બાદ પણ બે લોકોને નવજીવન આપતાં ગયા

હેલ્થ રિપોર્ટર | સુરત



લેઉવા પટેલ સમાજના માંગુકિયા પરિવારે બ્રેનડેડ લલ્લુભાઈ વેલજીભાઈ માંગુકિયાના અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી તા: ૬ નવેમ્બરના રોજ લલ્લુભાઈ વરાછાથી રાત્રે ૮:૦૦ કલાકે તેમનાં ઘરે પરત આવી રહ્યા હતા ત્યારે કતારગામ મહેતા પેટ્રોલ પંપની સામે બાઈક સ્લીપ થઈ જતાં તેઓ બાઈક ઉપરથી નીચે પડી ગયા હતાં અને તેમને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક વેડરોડ ઉપર આવેલ પ્રાણનાથ હોસ્પિટલમાં રાત્રે ૯:૩૦ કલાકે ફીજીશ્યન ડૉ. ડેનીશ કાનપુરવાળાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં. ત્યાં નિદાન માટે MRI કરાવતાં મગજમાં હેમરેજને કારણે લોહીનો ગઠ્ઠો જામી ગયો હતો. મંગળવારના રોજ લલ્લુભાઈને બ્રેનડેડ જાહેર કર્યા. ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટેએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલિફોનીક સંપર્ક કરી લલ્લુભાઈ માંગુકિયાના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી તેમની બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની સુરતની રહેવાસી ધૃતિ રાસધારી ઉ. વ. ૨૫માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર હાલોલના રહેવાસી ઈશ્વરભાઈ છગનભાઈ પટેલ ઉ.વ. ૫૭માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

# લેઉવા પટેલ સમાજના બ્રેઇન ડેડ વૃદ્ધનું અંગદાન કરી પરિવારે માનવતાની મહેક પ્રસરાવી

## અંગદાન થકી ત્રણ વ્યક્તિને નવું જીવન અને નવી રોશની મળી : અંગદાન પ્રક્રિયામાં ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાની સક્રિય ભૂમિકા



**સુરત તા. ૧૦**

મુળ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના નવાસરોડના વતની અને સુરતના વેડ રોડ સ્થિત ૬, પરસોત્તમ નગર, શેવલ પ્લાઝાની સામે રહેતા અને નિવૃત જીવન ગાળતા લેઉવા પટેલ સમાજના લલ્લુભાઇ વેલજીભાઇ માંગુકિયા અકસ્માત બ્રેઇન ડેડ થતા તેમના પરિવારે તેમના અંગોનું દાન કર્યુ હતું.

ગત ૬ નવેમ્બરે લલ્લુભાઇ વરાછાથી રાત્રે પરત આવી રહયા હતા ત્યારે કતારગામ મહેતા પેટ્રોલ પંપની સામે બાઇક સ્લીપ થઇ જતાં તેમને માથામાં ગંભીર ઇજાઓ થતાં તેઓ બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક પ્રાણનાથ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યાં. ત્યાંથી વધુ સારવાર માટે મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. જ્યાં મંગળવારે તેમનો બ્રેનડેડ જાહેર કરાયા હતા.. ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરૂદ્ધ આપ્ટેએ ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી આ જાણકારી આપતા ડોનેટ લાઇફની ટીમે હોસ્પીટલ પહોંચી લલ્લુભાઇના ધર્મપત્ની કંચનબેન, પુત્ર સંજય, ભાઇઓ મનજીભાઇ અને કાળુભાઇ, ભત્રીજા હરેશભાઇ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારે અંગદાનની સંમતિ આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી લલ્લુભાઇની બન્ને કિડની સુરતની રહેવાસી ધૃતિ રાસધારી (ઉ. વ. ૨૫)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર હાલોલના રહેવાસી ઇશ્વરભાઇ છગનભાઇ પટેલ (ઉ. વ. ૫૭)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં લલ્લુભાઇના ધર્મપત્ની કંચનબેન, પુત્ર સંજય, ભાઇઓ મનજીભાઇ અને કાળુભાઇ, ભત્રીજા હરેશભાઇ અને પરિવારના અન્ય સભ્યો, ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરૂદ્ધ આપ્ટે, ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલ, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી રાકેશ જૈન, હેમંત દેસાઇ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો..

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઇફ દ્વારા ૧૭૫ કિડની, ૬૩ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૨ ચક્ષુઓનું દાન મેળવીને ૪૦૦ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની અર્પવામાં સફળતા મળી છે.

# વરાછાના બ્રેઈનડેડ લલ્લુભાઈના અંગદાનથી બે વ્યકિતઓને નવજીવન મળશે

**કતારગામ** પાસે બાઈક સ્લીપ થઈ થતાં સર્જાયેલા અકસ્માતમાં ઇજાગ્રસ્ત લલ્લુભાઈને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા



સુરત, બુધવાર : વેડરોડના પરષોતમ નગર ખાતે રહેતા બ્રેઈનડેડ લલ્લુભાઈ વેલજીભાઈ માંગુકિયાએ પોતાના અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવીને માનવતાની મહેક પ્રસરાવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર રવિવારે રાત્રે આઠ વાગ્યે લલ્લુભાઈ વરાછાથી તેમના ઘરે પરત ફરી રહ્યાં હતા ત્યારે કતારગામ મહેતા પેટ્રોલ પંપની સામે તેમની બાઈક સ્લીપ થઈ જતાં તેઓ બાઈક પરથી નીચે પડી ગયા હતા. અને તેમને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને સારવાર માટે પ્રાણનાથ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા પરંતુ વધુ સારવાર માટે સોમવારે મહાવીર હોસ્પિટલમાં લઈ જવાયા હતા. મંગળવારે ન્યુરોફીઝીશ્યને લલ્લુભાઈ બ્રેનડેડ જાહેર કર્યા હતા. આવી હાલતમાં ડોનેટ લાઈફના પ્રમુખ ડૉ. નીલેશ માંડલેવાલાની સમજાવટથી લલ્લુભાઈના પરિવારજનો અંગદાન માટે સમજાવતા પરિવારજનોએ તૈયારી બતાવી હતી. આ સાથે જ લલ્લુભાઈએ બંને કિડનીઓ સુરતની રહેવાસી ધૃતિ રાંસધરી (ઉ.વ : ૨૫) અને લીવર હાલોલના રહેવાસી ઈશ્વરભાઈ પટેલ(ઉ.વ : ૫૭) ને દાન કરી હતી. આમ લલ્લુભાઈ સમાજને એક નવી દિશા દેખાડવાની સાથે માનવતાની મહેક લહેરાવી હતી.

## લેઉવા પટેલ સમાજના માંગુકિયા પરિવારે બ્રેનડેડ

# લુભાઈ વેલજીભાઈ માંગુકિયાના અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી



સુરત તા.૦૯

૬ નવેમ્બર, ૨૦૧૬ ના રોજ લુભાઈ વરાછાથી રાત્રે ૮:૦૦ કલાકે તેમનાં ઘરે પરત આવી રહ્યા હતા ત્યારે કતારગામ મહેતા પેટ્રોલ પંપની સામે બાઈક સ્લીપ થઈ જતાં તેઓ બાઈકઉપરથી નીચે પડી ગયા હતાં અને તેમને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક વેડરોડ ઉપર આવેલ નાણનાથ હોસ્પીટલમાં રાત્રે ૯:૩૦ કલાકે ફીઝીશ્યન ડૉ. ડેનીશ કાનપુરવાળાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં. ત્યાં નિદાન માટે MRI કરાવતાં મગજમાં હેમરેજને કારણે લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. તેથી વધુ સારવાર માટે સોમવાર ૭ નવેમ્બર,૨૦૧૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાકે મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં.

૦૮ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટે અને ન્યુરોસર્જન ડૉ. પ્રશાંત પટેલે લુભાઈને બ્રેનડેડ જાહેર કર્યા. ન્યુરોફીઝીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટેએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી લુભાઈ માંગુકિયાના બ્રેનડેડ અંગેની જાણકારી આપી. પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું હતું.

# अंगदान से दो जनों को नया जीवन

पत्रिका न्यूज़ नेटवर्क
patrika.com



सूरत. वेडरोड पर परषोत्तमनगर निवासी एक व्यक्ति को ब्रेन डेड घोषित किए जाने के बाद उसके परिजनों ने अंगदान का निर्णय किया, जिससे दो जनों को नया जीवन मिला है।

परषोत्तमनगर निवासी लल्लु केलजी मांगुकिया (65) छह नवम्बर को रात आठ बजे मोटर साइकिल पर घर लौट रहे थे। कतारगाम में मेहता पेट्रोल पंप के सामने मोटर साईकल फिसल जाने से वह घायल हो गए। उन्हें प्राणनाथ अस्पताल में भर्ती कराया गया। एमआरआई जांच में ब्रेन हैमरेज की जानकारी मिली। उन्हें महावीर अस्पताल में शिफ्ट किया गया। न्यूरो सर्जन डॉ. प्रशांत पटेल तथा न्यूरो फिजिशियन डॉ. अनिरुद्ध आप्टे ने आठ नवम्बर को उन्हें ब्रेन डेड घोषित कर दिया। अस्पताल से सूचना मिलने पर डोनेट लाइफ की टीम ने परिजनों को अंगदान के बारे में जानकारी दी। सहमति मिलने पर प्रमुख नीलेश मांडलेवाला ने अहमदाबाद आईकेडीआरसी की ट्रांसप्लांट कॉर्डिनेटर प्रिया शाह तथा डॉ. प्रांजल मोदी से सम्पर्क किया। चिकित्सकों की टीम सूरत आई और दो किडनी तथा लीवर का दान स्वीकार किया। दान में मिली दोनों किडनी सूरत निवासी भूमि वसावा (25) में ट्रांसप्लांट की गई, जबकि लीवर हालोल निवासी ईश्वर छगन पटेल (57) में ट्रांसप्लांट किया गया।

# ब्रेनडेड लल्लुभाई ने किया अंगदान



सूरत। 6 नवंबर को लल्लुभाई कतारगाम से रात 8 बजे अपने घर वापस लौट रहे थे। कतारगाम मेहता पेट्रोल पंप के सामने बाइक फिसल गयी। वे बाइक से नीचे गिर गये और सिर में गंभीर चोट लगी, वे बेहोश हो गये। उन्हें तुरंत वेडरोड पर स्थित प्राणनाथ अस्पताल में रात 9.30 बजे फिजीशियन डॉ. हेमिश रूपावाला की देखरेख में उपचार के लिए भर्ती किया गया। जहां एमआरआई किया गया। दिमाग में हैमरेज के कारण खून की थक्की जम गयी थी। अधिक उपचार के लिए सोमवार 7 नवंबर को शाम 6 बजे महावीर ट्रोमा अस्पताल में भर्ती किया गया। मंगलवार को लल्लुभाई को चिकित्सकों ने ब्रेनडेड घोषित किया। ... का पता चला। उन्हें चिकित्सकों ने ब्रेनडेड घोषित कर दिया। डोनेट लाइफ को इसकी जानकारी दी गयी। डोनेट लाइफ की टीम ने अस्पताल पहुंचकर उनके परिजनों को अंगदान की जानकारी देकर इसका महत्व समझाया। परिजनों ने अंगदान की सहमति प्रदान की। लल्लुभाई के परिवार से दो किडनी व लीवर का दान स्वीकार किया गया। दान में मिली दोनों किडनी सूरत, गुजरात की निवासी भूमि वसावा उ.व. 25 में ट्रान्सप्लान्ट की गयी। जबकि लीवर हालोल के निवासी ईश्वरभाई छगनभाई पटेल उ.व. 57 में ट्रान्सप्लान्ट किया गया है।